## વાત માનવામાં આવે તેવી નથી પણ બે બોગસ તબીબની આવક મહિને લાખથી વધુ

# 8 મુન્નાભાઈ - 1 મુન્નીબાઈ પકડાઈ

**ડિંડોલીમાં** ડિગ્રી વગરના ૯ બોગસ તબીબની ધરપકડ

**એસઓજી** અને જિલ્લા આરોગ્ય વિભાગની સંયુક્ત કાર્યવાહી

સુરત : લોકોના આરોગ્ય સાથે ચેડાં કરીને તબીબી સારવારના નામે કમાણી કરતા હોવાના આક્ષેપસર સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં નવ બોગસ તબીબો સામે એસઓજી અને જિલ્લા આરોગ્ય વિભાગે સંયુક્ત કાર્યવાહી કરી છે. પોલીસે અલગ-અલગ ક્લિનિક પર દરોડા પાડી નવ શખ્સોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન, સિરપ અને તબીબી સાધનો સહિત કુલ રૂ.95,138નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક વિગતો મુજબ, આ શખ્સોમાં કેટલાકે માત્ર ધોરણ-12 સુધી અભ્યાસ કર્યો હતો, જ્યારે કેટલાકે બી.એ., બી.ફાર્મ અથવા ઈલેક્ટ્રોપેથીનો અભ્યાસ કર્યો હોવાનું જણાવ્યું છે. કેટલાક અગાઉ હોસ્પિટલોમાં કમ્પાઉન્ડર કે નર્સ તરીકે પણ કામ કરી ચૂક્યા હતા.

તેઓ રોજના રૂ.1,000થી રૂ.3,500 સુધીની કમાણી કરતા હોવાની વિગતો સામે આવી છે. પકડાયેલા બે બોગસ તબીબની આવક તો દૈનિક રૂપિયા 3500 સુધીની હતી એટલે તેઓ મહિને એક લાખ રૂપિયાથી પણ વધુ કમાતા હતાં.

### એક બોગસ તબીબ તો મેડિકલ ઓફિસર રહી ચૂક્યો છે તો એક ભાઈની હોસ્પિટલમાં નોકરી કરતો હતો

(1) રોહિત ઉત્તમરાવ પાટીલ (મૌલી ક્લિનિક)
3 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો- ધો. 12 પાસ
મહારાષ્ટ્રના સંગમનેરમાં 2 વર્ષ કમ્પાઉન્ડર હતો
દૈનિક કમાણી : રૂ.1,000થી રૂ.1,500
(ઔરંગાબાદમાં નકલી પ્રેગ્નન્સી દવાના કેસમાં પકડાયો હતો)

(2) પરમાનંદ અલગુ પટેલ (મનીષા ક્લિનિક)
5 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો - ધો. 12 પાસ
ઉધનાની શ્રદ્ધા હોસ્પિટલમાં 1 વર્ષ કમ્પાઉન્ડર હતો
દૈનિક કમાણી : રૂ.1,000થી રૂ.1,500

(3) આરતીદેવી રામકૃપાલ મૌર્ય (આશિ ક્લિનિક)
દોઢ વર્ષથી ક્લિનિક ચલાવતી હતી- બી.એ. પાસ
ગોડાદરા સ્થિત અમરદીપ હોસ્પિટલમાં 5 વર્ષ નર્સ હતી
દૈનિક કમાણી : રૂ.2,000થી રૂ.2,500

(4) મહેશભાઈ વિઠ્ઠલભાઈ રાજપૂત (માયા ક્લિનિક)
8 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો - ધો. 12 પાસ
ધુલિયામાં શ્રદ્ધા હોસ્પિટલમાં 2 વર્ષ કમ્પાઉન્ડર હતો
દૈનિક કમાણી : રૂ.1,000થી રૂ.1,500

(5) કમલાપ્રસાદ લોધી ગોંડ (ક્રિષ્ના ક્લિનિક)
10 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો - ધો. 12 પાસ
ઉત્તર પ્રદેશમાં બે વર્ષ કમ્પાઉન્ડર તરીકે કામ કર્યું હતું.
દૈનિક કમાણી : રૂ.2,500થી રૂ.3,500

(6) સોપાન પ્રભુભાઈ પાટીલ (શ્રી સાંઈ ક્લિનિક)
7 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો - ઇલેક્ટ્રોપેથી
અમૃતા હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર હતો
દૈનિક કમાણી : આશરે રૂ.1,000

(7) મનોહરલાલ કુમાવત ( શ્રી રાધેકૃષ્ણા ક્લિનિક)
6 મહિનાથી ક્લિનિક ચલાવતો હતો - બીફાર્મ
કંમ્પાઉન્ડરની નોકરી કર્યા બાદ ક્લિનિક ખોલી નાંખ્યું
દૈનિક કમાણી : રૂ.2,500થી રૂ.3,500

(8) દિનેશ બાબુરામ ભારતી (સહગર ક્લિનિક)
3 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો - ધો. 12 પાસ
પંજાબમાં ભાઈના ક્લિનિકમાં કામ કર્યું હતું
દૈનિક કમાણી : રૂ.2,000થી રૂ.2,500

(9) કિશોર કૃષ્ણા વિશ્વાસ (સદગુરુ સંત કૃપાલ ક્લિનિક)
6 વર્ષથી ક્લિનિક ચલાવતો હતો - ધો. 12 પાસ
કોલકાતામાં 4 વર્ષ કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી.
દૈનિક કમાણી : રૂ.1,000થી રૂ.2,500

## દેશી દારૂનો સપ્લાયર કાલુ પટેલ ઝડપાયો

સુરતઃ સચિન GIDC પોલીસે પાંડેસરાના ડુડી વડોદ ગામ ખાતે રહેતા કમલેશકુમાર ઉર્ફે કાલુ જયંતીભાઈ પટેલ (ઉં.વ.૩૩)ને ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી દેશી દારૂનો સપ્લાયર છે અને તેની સામે સચિન GIDC, પાંડેસરા તેમજ ઉધના પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને જુગાર ધારા હેઠળના ગુનાઓ નોંધાયેલા હતા, જેમાં તે લાંબા સમયથી વોન્ટેડ હતો. અગાઉ તેની સામે ૧૩ ગંભીર ગુના નોંધાયા છે. ઉપરાંત વર્ષ-૨૦૧૬માં ઉધના પોલીસ દ્વારા તેની સામે 'પાસા' હેઠળ પણ કાર્યવાહી કરાઈ હતી.

## RTOના નામે ઠગાઈ કેસમાં જામીન નામંજૂર

સુરતઃ વોટ્સએપ પર RTOના નામે બનાવટી ડિજિટલ ઈ-ચલણ અને APK ફાઈલ મોકલી ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી રૂ.૨૪.૪૦ લાખ સેરવી લેનાર પશ્ચિમ બંગાળના હુગલીના ટ્રસ્ટી સૈયદ શાહ અરિફુલ ઇસ્લામ રફીકુલ ઇસ્લામની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. સરકાર પક્ષે એપીપી સંતોષ ગોહિલે જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

## ચેક રિટર્નમાં આર્કિટેક્ટને ૬ માસની કેદ

સુરતઃ લેન્સર પ્લાયવુડના ફરિયાદી નિલેશભાઈ વિરાણી પાસેથી મોટા વરાછાના આર્કિટેક્ટ આરોપી જેમીશ જનકભાઈ ભીકડીયાએ તા. ૦૩/૦૪/૨૦૨૪ ના રોજ રૂ.૬૮,૮૦૦ની કિંમતનો હાર્ડવેરનો માલ-સામાન ઉધારથી ખરીદ્યો હતો. જે પેટે આપેલો ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ નિલેશ માણીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી આર્કિટેક્ટને ૬ માસની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો.

## સુરતની સિવિલ કોર્ટે સિવિલ દાવો રદ કર્યો

સુરતઃ અઠવાલાઇન્સ વિસ્તારના રહેવાસી શ્રેયમ પિયુષ પટેલ દ્વારા સુરત તથા મુંબઈ ખાતે આવેલી કેટલીક મિલકતો બાબતે દાખલ કરવામાં આવેલા દાવામાં, પ્રતિવાદી રાજેશભાઈ લવજીભાઈ પટેલ વગેરે દ્વારા સી.પી.સી. ઓર્ડર-૭, રૂલ-૧૧ હેઠળ સમયમર્યાદાના બાધને કારણે દાવો રદ કરવા અંગેની અરજી કરવામાં આવી હતી. આ અનુસંધાને સિવિલ કોર્ટે દાવો રદ કરવાનો હુકમ કર્યો છે. પ્રતિવાદી તરફે એડવોકેટ દિવ્યા કનકસિંહ રાઠોડ (મેધાત) દ્વારા દલીલો કરાઈ હતી.

## ચેક રિટર્નમાં છ માસની કેદ

સુરતઃ સુરતના 'લેન્સર પ્લાયવુડ'ના ભાગીદાર નિલેશભાઈ હરિભાઈ વિરાણી પ્લાયવુડ તથા હાર્ડવેરના સામાનની ખરીદ-વેચાણનો ધંધો કરે છે. મોટા વરાછા વિસ્તારમાં આર્કિટેક્ટ તરીકે કામ કરતા જેમીસ જનકભાઈ ભીકડીયાએ તા. ૦૩/૦૪/૨૦૨૪ ના રોજ ફરિયાદી પાસેથી રૂા. ૬૮,૮૦૦ની કિંમતનો હાર્ડવેરનો માલસામાન ઉધાર પર ખરીદ્યો હતો. જેની સામે ભીકડીયાએ ચેક લખી આપ્યો હતો. જે રિટર્ન થયો હતો. જેથી નિલેશભાઈ વિરાણીએ એડવોકેટ નિલેશ આર. માણીયા મારફ્તે સુરતની કોર્ટમાં કેસ કર્યો હતો. કોર્ટે આરોપી આર્કિટેક્ટ જેમીસ જનકભાઈ ભીકડીયાને છ માસની સજા અને ચેકના નાણાં વાર્ષિક 9 ટકાના વ્યાજે ચૂકવવા માટે આદેશ કર્યો હતો.

# GST ઈ-ઈનવોઈસ સર્વિસ 28 કલાક માટે બંધ રહેશે

**31 ઓક્ટોબરથી** મેઇન્ટેનન્સ, GSTR-1 ઓટો-પોપ્યુલેશન પણ ખોરવાશે

**વેપારીઓને** કામ વહેલા પતાવવા સૂચના

સુરતઃ GST હેઠળ ઈ-ઈનવોઈસ બનાવતા વેપારીઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે મહત્વના સમાચાર છે. GST નેટવર્ક (GSTN) દ્વારા ઈ-ઈનવોઈસ ડેટા સર્વિસમાં 28 કલાકના ડાઉનટાઈમની જાહેરાત કરવામાં આવી છે.

GSTN દ્વારા તા. 28 ઓક્ટોબર 2026 ના રોજ જારી કરાયેલી એડવાઈઝરી મુજબ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના કારણે einvoice.gst.gov.in પોર્ટલ પર કેટલીક સેવાઓ અસ્થાયી રૂપે બંધ રહેશે.

તા. 31 ઓક્ટોબર 2026, સવારે 9:00 વાગ્યાથી 1 નવેમ્બર 2026, બપોરે 1:00 વાગ્યા સુધી લગભગ 28 કલાક ઈ-ઈનવોઈસ ડેટા રિટ્રીવલ એન્ડ પ્રોસેસિંગઃ IRP (ઈનવોઈસ રજિસ્ટ્રેશન પોર્ટલ) પરથી આવતો ડેટા GST પોર્ટલ પર પ્રોસેસ નહીં થાય. ઈ-ઈનવોઈસનો ડેટા આપોઆપ GSTR-1 માં નહીં આવે. આનાથી GSTR-1 ફાઈલ કરવામાં વિલંબ થઈ શકે છે. આ ઉપરાંત પોર્ટલ અને API દ્વારા ઈ-ઈનવોઈસ JSON ફાઈલ ડાઉનલોડ કરી શકાશે નહીં. GSTN એ તમામ કરદાતાઓ, બિઝનેસ અને હિસાબનીશોને સલાહ આપી છે કે તેઓ પોતાના જરૂરી કામો આ મેન્ટેનન્સ વિન્ડો શરૂ થાય તે પહેલા પૂર્ણ કરી લે, જેથી ધંધામાં અડચણ ન આવે. મેન્ટેનન્સ પૂર્ણ થયા બાદ તમામ સેવાઓ ફરી શરૂ થઈ જશે. ઉલ્લેખનીય છે કે 1 નવેમ્બરથી GSTના અનેક નવા નિયમો પણ લાગુ થવાના છે, ત્યારે આ મેન્ટેનન્સને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# પાંડેસરામાં 'જાનકી ગોલ્ડ'ની નકલી બોરીઓમાં ચોખા વેચવાનું કૌભાંડ

**અગ્રવાલ** ટ્રેડિંગ કંપનીમાંથી ૫,૨૫૦ ખાલી બોરીઓ અને સાંઈ ટ્રેડિંગના ગોડાઉનમાંથી ચોખા ભરેલી ૫૬ બોરી જપ્ત

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં જાણીતી 'જાનકી ગોલ્ડ' બ્રાન્ડના નામ અને ડિઝાઈનની નકલ કરી પ્લાસ્ટિકની બોરીઓમાં ચોખાનું પેકિંગ કરીને વેચાણ કરાતું હોવાનો પર્દાફાશ થયો છે.

પોલીસ ફરિયાદ મુજબ પાંડેસરાની ન્યૂ હરિધામ સોસાયટીમાં પ્લોટ નં.૫૦થી ૫૩ તથા ૧૦૦થી ૧૦૩ ખાતે આવેલી શ્રી અગ્રવાલ ટ્રેડિંગ કંપનીમાં અમદાવાદની 'જાનકી ગોલ્ડ' બ્રાન્ડની નકલવાળી બોરીઓમાં ચોખાનું પેકિંગ કરીને વેચાણ થતું હોવાની ખાનગી રાહે માહિતી મળી હતી. આ અંગે કંપની તરફથી સુરત પોલીસ કમિશનર કચેરીમાં અરજી કરવામાં આવી હતી. પોલીસે શ્રી અગ્રવાલ ટ્રેડિંગ કંપનીના માલિક સૂરજભાઈ વિરેન્દ્રભાઈ અગ્રવાલ (ઉં.વ.૩૪)ની હાજરીમાં દુકાન અને ગોડાઉનની તપાસ કરતાં પ્રથમ માળે દીવાલ પાસે બનાવેલા લોખંડના માળિયા પરથી 'JANKI GOLD' બ્રાન્ડના નામ અને ડિઝાઈનવાળી, પરંતુ તેના પર અલગથી કાળા રંગે 'KDM' પ્રિન્ટ કરેલી ૫,૨૫૦ ખાલી પ્લાસ્ટિકની બોરીઓ મળી આવી હતી. પૂછપરછ કરતાં સૂરજભાઈએ આ બોરીઓ શ્રી સાંઈ ટ્રેડિંગ કંપનીના માલિક પ્રશાંત લલિતકુમાર કણસાગરા (ઉં.વ. ૪૩)ને વેચી હોવાનું જણાવતા પોલીસે આવિર્ભાવ સોસાયટી-૧માં પ્લોટ નં. એસ/૬૨/૮ ખાતે આવેલા શ્રી સાંઈ ટ્રેડિંગ કંપનીના ગોડાઉનમાં પહોંચી હતી. ત્યાં તપાસ કરતાં 'JANKI GOLD' બ્રાન્ડના નામ અને ડિઝાઈનની નકલવાળી તથા 'KDM' પ્રિન્ટ કરેલી ચોખા ભરેલી ૫૬ બોરીઓ મળી આવી હતી. દરેક બોરીમાં આશરે ૩૦ કિલો ચોખા હોવાનું અને એક બોરીની કિંમત રૂ.૧,૭૪૦ ગણતાં કુલ કિંમત રૂ. ૯૭,૪૪૦ થતી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. પોલીસે બંને સ્થળેથી મળી આવેલી બોરીઓ કબજે કરી હતી. ફરિયાદના આધારે સૂરજભાઈ વિરેન્દ્રભાઈ અગ્રવાલ અને પ્રશાંત લલિતકુમાર કણસાગરા સામે કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ની કલમ ૬૩ અને ૬૪ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## મધરાત્રે કતારગામના સુનીલ મિલ કમ્પાઉન્ડમાં કંપનીમાં ભીષણ આગ

સુરતઃ કતારગામ વસ્તાદેવડી રોડ પર કિરણ હોસ્પિટલ પાછળ આવેલા સુનિલ મિલ કમ્પાઉન્ડમાં સ્થિત પનાસ ડિજિટલ પ્રિન્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. ક્ષણવારમાં જ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા હતા. ફાયર અધિકારીના જણાવ્યા અનુસાર પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું અનુમા છે. આગમાં કંપનીની અંદર રહેલા મશીનો પ્રોસેસિંગ માટેનો પેપર રોલનો જથ્થો, કાપડનો વિશાળ સ્ટોક સહિતનો તમામ કિંમતી સામાન બળીને સંપૂર્ણપણે ખાક થઈ ગયો હતો. ફાયર ટીમે ભારે જહેમત બાદ આગને કાબૂમાં કરી હતી.

# આભવા ચોકડી પાસે ખેતરોમાં ગેરકાયદે શેડમાં કોલસાનો સંગ્રહ

**જીપીસીબીની** ટીમ સ્થળ પર જઈને તપાસ કરી કાર્યવાહી કરશે



સુરતઃ આભવા ચોકડી નજીક ખેતરોની વચ્ચે ગેરકાયદે રીતે પતરાના શેડ ઊભા કરીને કોલસાનો સંગ્રહ કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો ઊઠી છે. જીપીસીબી દ્વારા આ મામલે તપાસ બાદ ગેરકાયદે પ્રવૃત્તિ જણાશે તો કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

આભવા ચોકડી નજીક ખેતીની જમીનોની વચ્ચે પતરાંના શેડ ઊભા કરી કોલસાનો સંગ્રહ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ છે. આ પ્રકારની પ્રવૃત્તિથી આસપાસના રહેવાસીઓની મુશ્કેલીઓ વધી રહી છે. રહેણાક વિસ્તાર અને ખેતીની જમીનોની નજીક આ પ્રકારનાં ગોડાઉન ઊભાં કરાયાં હોય તો જરૂરી મંજૂરીઓ, પર્યાવરણીય નિયમો અને સુરક્ષાનાં ધોરણોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ જરૂરી બની છે. આ મામલે જીપીસીબીના અધિકારીનો સંપર્ક કરવામાં આવતાં તેમણે આ પ્રકારનાં ગોડાઉન અંગે હાલ કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું.

### પલસાણા, ભેસ્તાન અને અન્ય આંતરિક રસ્તાઓ પર પણ સંગ્રહની ચર્ચા

આભવા ચોકડી ઉપરાંત પલસાણા, ભેસ્તાન અને શહેરના અન્ય વિસ્તારોના આંતરિક રસ્તાઓ પર પણ કોલસાના સંગ્રહ માટેનાં ગોડાઉનો ઊભાં થયાં હોવાની ચર્ચા છે. આ સ્થળોએ સંગ્રહ થતો કોલસો અને તેની હેરફેર પર સંબંધિત તંત્ર દ્વારા પૂરતી દેખરેખ રાખવામાં આવે છે કે નહીં તે પણ તપાસનો વિષય છે.

### શિયાળામાં પ્રદૂષણ વધવાની ભીતિ

હવે શિયાળાની શરૂઆત થતાં હવામાનમાં ફેરફાર અને પવનની દિશાને કારણે હવામાં રહેલી રજકણોની અસર અંગે ચિંતા વધી રહી છે. કોલસાની બારીક રજકણો હવામાં ભળે તો આસપાસના લોકોના શ્વસનતંત્રને અસર થવાની શક્યતા રહે છે.

# 27.07 લાખની પોલિએસ્ટર ફિલ્મો ખરીદી બોગસ સહીનો ચેક આપ્યો

**ગોડાદરાના** બાપા સીતારામ થ્રેડના માલિક સામે એસ.એમ.એલ. ફિલ્મ્સની ફરિયાદ

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં આવેલી 'બાપા સીતારામ થ્રેડ' પેઢીના વેપારી જીગ્નેશ મેઘજીભાઈ જીવાણીએ એસ.એમ.એલ. ફિલ્મ્સ લિમિટેડ સાથે રૂ.૨૭,૦૭,૫૩૨ ની ઠગાઈ આચર્યાની ઘટના સામે આવી છે.

કંપનીના સેક્રેટરી નિખિલ સુરેશચંદ્ર મિસ્ત્રીએ ખટોદરા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર એસ.એમ.એલ. ફિલ્મ્સ લિ. લેકર્ડ મેટલાઇઝ્ડ પોલિએસ્ટર ફિલ્મનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીના સેલ્સ પર્સન પ્રજ્ઞેશભાઈ પારેખના માધ્યમથી ગોડાદરાના નારાયણનગરમાં પ્લોટ નં. ડી-26થી ડી-30 ખાતે બાપા સીતારામ થ્રેડ ચલાવતા જીગ્નેશ જીવાણી સાથે વેપારી સંબંધો બંધાયા હતા. વેપારીએ ગત ૭ જૂન, ૨૦૨૫થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન કુલ રૂ.૨૭,૦૭,૫૩૨ની કિંમતનો માલ ઉધારમાં ખરીદી ચેક આપ્યો હતો. જોકે, કંપનીએ આ ચેક નાનપુરા સ્થિત એચડીએફસી બેંકમાં રજૂ કરતા 'ડ્રોઅર સિગ્નેચર ડિફર્સ'ના શેરા સાથે ચેક પરત ફર્યો હતો. ત્યારબાદ ઉઘરાણી અર્થે સંપર્ક કરતા વેપારીએ ફોન બંધ કરી દીધા હતા. સેલ્સ પર્સને રૂબરૂ તપાસ કરતાં વેપારી પોતાની મિલકત ખાલી કરીને ફરાર થઈ ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. શરૂઆતથી જ છેતરપિંડીના ઈરાદે માલ મેળવી ખોટી સહીવાળો ચેક આપવાના આક્ષેપ સાથે ખટોદરા પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.



# 4 મહિનાથી પાણી માટે વલખાં મારતી પુણાગામની મહિલાઓમાં આક્રોશ

**ખાલી** ડોલ અને બેડાં ખખડાવી મહિલાઓ રસ્તા પર ઊતરી

સુરતઃ પુણાગામની અંજની સોસાયટીમાં છેલ્લા ચાર મહિનાથી પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી અને જે પાણી આવે છે તે પણ દૂષિત હોવાની ફરિયાદો છતાં પાલિકા દ્વારા નક્કર ઉકેલ નહીં આવતાં મહિલાઓનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

વારંવાર રજૂઆતો છતાં સમસ્યા યથાવત્ રહેતાં આજે મોટી સંખ્યામાં મહિલાઓ ખાલી ડોલ, ટબ અને બેડાં લઈને રસ્તા પર ઊતરી હતી. વાસણો ખખડાવીને પાલિકા સામે વિરોધ પ્રદર્શન કરનારી મહિલાઓએ હવે પાણીની સમસ્યા નહીં ઉકેલાય તો ઝોન ઓફિસ ખાતે માટલાં ફોડીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે. રહીશોનો આક્ષેપ છે. સોસાયટીમાં પાણીનો પુરવઠો પૂરતા પ્રેશરથી નહીં મળવાને કારણે રોજિંદા વપરાશ માટે પણ મુશ્કેલી પડી રહી છે. તેમાં પણ જે પાણી મળે છે તેની ગુણવત્તા સામે સવાલો ઊભા થતાં મહિલાઓની હાલાકી વધી છે. આ વિરોધ પ્રદર્શન અંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય સુરેશ સુહાગીયાએ પણ માહિતી આપી હતી. મહિલાઓએ સ્પષ્ટ ચીમકી આપી હતી કે આગામી દિવસોમાં પાણીનો પૂરતો અને શુદ્ધ પુરવઠો શરૂ કરવામાં નહીં આવે તો પાલિકાની ઝોન ઓફિસ ખાતે માટલાં ફોડીને વધુ ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

# મોબાઈલ હેક કરી બારોબાર લાખોની લોન લઈ ટ્રાન્સફર

**એચડીએફસી** બેંકમાંથી લોનના રૂ.2.80 લાખ ખાતામાં જમા થયા ને મિનિટોમાં ઉપડી ગયાનો આક્ષેપ

**હપ્તા** ન ભરતા બેંકે કોર્ટમાં કેસ કર્યો, ઉત્રાણ પોલીસે તપાસ હાથ ધરી

સુરતઃ મોટા વરાછામાં રહેતા કાપડના વેપારીનો મોબાઈલ ફોન હેક કરી અજાણ્યા શખ્સે બેંકમાંથી લોન મંજૂર કરાવી હોવાનો આક્ષેપ છે. લોનની રૂ. 2,80,528ની રકમ વેપારીના ખાતામાં જમા થયા બાદ થોડી જ મિનિટોમાં અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

મોટા વરાછાના ભક્તિનંદન સેક્ટર-2માં રામચોક પાસે રહેતા અશોકભાઈ હિંમતભાઈ કોઠિયા (ઉં.વ.40) અન્નપૂર્ણા માર્કેટ, રિંગરોડ ખાતે રૂદ્ર ઈન્મેક્ષ નામની દુકાનમાં કાપડનો વેપાર કરે છે. ગત 22 નવેમ્બર, 2025ના રોજ બેંકનો મેસેજ તપાસતાં તેમના ખાતામાં રૂ.2,80,528 જમા થયાનું જણાયું હતું. જોકે, તેમણે કોઈ લોન લીધી નહોતી. આ રકમ જમા થયાના બે-ત્રણ મિનિટમાં જ તેમના બેંક ખાતામાંથી રૂ. 3,16,000 ઉપડી ગયા હતા. ફરિયાદીનું કહેવું છે કે ખાતામાં અગાઉથી રૂ. 36,000 જમા હતા. લોનની રકમ અને અગાઉની જમા રકમ મળીને કુલ રૂ.3,16,000 અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ અશોકભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે લોનની રકમનો ઉપયોગ તેમણે કર્યો ન હોવા છતાં તેના હપ્તા ભર્યા ન હોવાથી બેંકે તેમની સામે કોર્ટમાં કેસ કર્યો છે. આ બનાવ અંગે તેમણે પોતાના મિત્ર પ્રતીકભાઈ ગોધાણી અને તેજશ તુકારામ હાંડેએને પણ જાણ કરી હતી. ઉત્રાણ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# સુરત એરપોર્ટ: 9 માસમાં 12.50 લાખ પેસેન્જરની અવરજવર

**જોકે,** ફ્લાઇટ્સ બંધ થવાથી ગત વર્ષનો રેકોર્ડ તૂટવાની શક્યતા ઓછી

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાન્યુઆરીથી સપ્ટેમ્બર-2026 સુધીના નવ મહિનામાં કુલ 12.50 લાખથી વધુ પેસેન્જરની અવરજવર નોંધાઈ છે. આ સમયગાળામાં 11,75,083 ડોમેસ્ટિક અને 75,354 ઈન્ટરનેશનલ પેસેન્જર સહિત કુલ 12,50,437 મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી. જોકે, એક પછી એક ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ બંધ થવાની અસરને કારણે ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં ગત નાણાકીય વર્ષનો પેસેન્જર અવરજવરનો રેકોર્ડ તૂટવાની શક્યતા ઓછી જણાઈ રહી છે

### જાન્યુઆરીમાં સૌથી વધુ પેસેન્જર અવરજવર

જાન્યુઆરી-2026માં સુરત એરપોર્ટ પર સૌથી વધુ 1,71,580 પેસેન્જરની અવરજવર નોંધાઈ હતી. ફેબ્રુઆરીમાં 1,56,042 અને મે મહિનામાં 1,59,130 પેસેન્જર નોંધાયા હતા. મે મહિનામાં આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવર શૂન્ય હોવા છતાં ડોમેસ્ટિક પેસેન્જરની સંખ્યા 1,59,130 રહી હતી. જુલાઈ અને ઓગસ્ટમાં કુલ પેસેન્જરની સંખ્યા ઘટીને અનુક્રમે 1.14 લાખ અને 1.12 લાખની આસપાસ પહોંચી હતી. સપ્ટેમ્બરમાં ફરી વધારો થયો હોવા છતાં માસિક પેસેન્જર સંખ્યા જાન્યુઆરી અને મેના સ્તર સુધી પહોંચી શકી નથી.

### કાર્ગો હેરફેર 7,891 મેટ્રિક ટન

પેસેન્જર અવરજવર ઉપરાંત સુરત એરપોર્ટ પર કાર્ગો હેરફેરમાં પણ વધારો નોંધાયો છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર-2026 દરમિયાન કુલ કાર્ગો હેરફેર 7,891 મેટ્રિક ટન રહી હતી.





